ઓક્ટોબર ૨૦૧૦ દાદા ભગવાન પરિવારનું કિંમત રૂ. ૧૨/-

# અક્રમ એક્સપ્રેસ



# અક્રમ એક્સપ્રેસ

## ચાર ગતિનુ ચક્કર

બાળમિત્રો,

ગયા અંકમાં આપણે જોયું કે દરેકે પોતે કરેલા કર્મનું ફળ ભોગવવું જ પડે છે. જેવા કર્મો કર્યા હોય એવી ગતિમાં જઈને એનું ફળ ભોગવવું પડે. હવે ગતિ એટલે શું ? આપણે આપણી આજુબાજુ વિવિધ પ્રકારના જીવો જોઈએ છીએ. જેમ કે માણસો, પશુ-પક્ષીઓ, ઝાડ-પાન વગેરે. તો આપણને પ્રશ્ન થાય ને કે કોણ નક્કી કરતું હશે કે કોણે માણસ રૂપે, કોણે પશુ-પક્ષી રૂપે કે કોણે ઝાડ-પાન રૂપે જન્મવાનું ? આપણા જ કર્મો, બીજું કોણ ? કર્મ પ્રમાણે એનું ફળ ભોગવવા જે રૂપમાં જન્મ લેવો પડે છે એને ગતિ કહેવાય છે. આ અંકમાં આપણે 'ગતિ' વિશે જાણીશું. ગતિઓ કેટલી છે ? કઈ કઈ છે ? કેવા કર્મ કરવાથી કઈ ગતિમાં જવાય વગેરેની સમજણ આ અંકમાં આપી છે. સાથે સાથે નાની નાની વાર્તાઓ પણ કર્મો અને એની 'ગતિ'ને પ્રદર્શિત કરે છે.

તો ચાલો, આપણે ગતિ વિશે જાણીએ અને ગતિઓમાંથી છૂટી મોક્ષ કેવી રીતે મેળવાય તે પણ જાણીએ.

- ડિમ્પલ મહેતા

## અનુક્રમણિકા


| | |
|---|---|
| દાદાજી કહે છે........................................ | ૧ |
| મનુષ્યગતિ........................................ | ૨ |
| જાનવરગતિ........................................ | ૪ |
| દેવગતિ........................................ | ૬ |
| નર્કગતિ........................................ | ૮ |
| મોક્ષગતિ........................................ | ૧૦ |
| રાજા રાવણ........................................ | ૧૨ |
| ભરવાડ........................................ | ૧૩ |
| નંદ મણિકાર........................................ | ૧૪ |
| જીરણ શેઠ........................................ | ૧૫ |
| પાર્શ્વનાથ પ્રભુ........................................ | ૧૬ |
| ગુણસેનકુમાર અને અગ્નિશર્મા........................ | ૧૭ |



**તંત્રી તથા સંપાદક :**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૩, અંક : ૨
સળંગ અંક : ૨૬
ઓક્ટોબર ૨૦૧૦



**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
**અમદાવાદ:**
(૦૭૯)૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯
**રાજકોટ ત્રિમંદિર :** ૯૨૭૪૧૧૧૩૯૩
**વડોદરા :** (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
**મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
**U.S.A.**: ૭૮૫-૨૭૧-૦૮૬૯
**U.K.**: ૦૭૯૫૬૪૭૬૨૫૩
**Website:** kids.dadabhagwan.org



**Printed, Published and Owned by :**
**Dimple Mehta on behalf of Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Published at Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Printing Press:-**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# દાદાજી કહે છે...

**પ્રશ્નકર્તા :** ચાર ગતિ કઈ કઈ છે ? એમાં કેવી રીતે જવાય ?

**દાદાશ્રી :** દેવગતિ, મનુષ્યગતિ, જાનવરગતિ અને નર્કગતિ. ખૂબ પુણ્ય હોય ત્યારે દેવગતિમાં જવાય. પુણ્ય વધારે ને પાપ ઓછું હોય ત્યારે મનુષ્યગતિ મળે. પાપ વધારે ને પુણ્ય ઓછું હોય ત્યારે જાનવરની ગતિ મળે. અને સંપૂર્ણ પાપ હોય ત્યારે નર્કગતિ મળે. આ ચાર ગતિઓ અને પાંચમી છે તે મોક્ષની ગતિ. આ ચારેય ગતિઓ મનુષ્યો પ્રાપ્ત કરી શકે છે. મનુષ્ય જન્મમાં આવી, પછી પુણ્ય ભેગું કરે છે તો ઊંચી ગતિમાં જાય છે. પાપ ભેગું કરે છે તો નીચે જાય છે અને જો પુણ્ય-પાપ બેઉનો વેપાર બંધ કરી દે તો મોક્ષમાં જાય, આ પાંચ જગ્યાઓ ખુલ્લી છે અને પાંચમી ગતિ (મોક્ષગતિ) તો મનુષ્યમાંથી જ ખુલ્લી છે.



મનુષ્યગતિ



મનુષ્યપણું ક્યાં સુધી રહે ? પોતાના હક્કનું ખાય તે મનુષ્ય થાય. પોતાના હક્કનું એટલે પોતાના ભાગનું પોતે ભોગવે (વાપરે). જે બીજાના ભાગનું છે, એમાં જરાય ઈચ્છા ન રાખે, ત્યાં સુધી મનુષ્યપણું છે. ઉપરાંત વડીલોની, મા-બાપની સેવા કરવી જોઈએ, ગુરુની સેવા કરવી જોઈએ, લોકો જોડે ઓબ્લાઈઝિંગ નેચર (પરોપકારી ભાવના)રાખવો જોઈએ. કોઈને દુઃખ ન થાય એવી રીતે વ્યવહાર સાચવવો જોઈએ. પોતાને અનુકૂળ ના આવ્યું હોય, એવું બીજા પ્રત્યે અવળું વર્તન નહીં કરવાનું અને પોતાને અનુકૂળ આવે એવું જ વર્તન બીજા જોડે કરવાનું તે મનુષ્યગતિને લાયક. કો'કને મારતી વખતે અથવા તો મારતા પહેલા ખ્યાલ આવે કે મને મારે તો શું થાય ? એ ખ્યાલમાં રહીને જો બધું કામ કરવામાં આવે તો ફરી મનુષ્યગતિ પ્રાપ્ત થાય.

આ મનુષ્યભવમાં જ કર્મ બાંધી શકે છે માણસ. બાકી બીજા કોઈ અવતારમાં કર્મ બાંધતો નથી. ફક્ત કર્મ ભોગવે જ છે. અને આ મનુષ્યમાં કર્મ બાંધે છેય ખરો ને ભોગવે છેય ખરો, બેઉ થાય છે. પાછલાં ભોગવતા જાય છે ને નવાં બાંધે છે. જેને કર્મ બાંધવાનો અધિકાર છે તેને ચારેય ગતિમાં રખડવું પડે. એટલે અહીંથી ચાર ગતિમાં ભટકવાનું. આ ગાયો-ભેંસો, બધા જાનવરો, આ દેવલોકો, આ નર્કગતિના લોકો આ બધું અહીં મનુષ્યમાંથી જવાનું થાય છે. જેવા કર્મ કર્યા હોય એનું ફળ ભોગવવા તે ગતિમાં જવું પડે. એટલે આ ગતિ આપણા જ કર્મ કર્યાનું ફળ છે.

આ મનુષ્ય દેહ મોક્ષ મેળવવા માટે છે, નહીં કે ચાર ગતિમાં ભટકવા માટે!!! ફરી ફરી મનુષ્યપણું મળવું તેય મુશ્કેલ છે.





# જાનવરગતિ

મનુષ્યમાં હોય ત્યારે જો દેવું થઈ ગયું હોય, દેવું એટલે શું? ખરાબ કર્મો થઈ ગયા હોય એને દેવું કહેવાય. તો એ ભોગવવા જાનવરમાં જવું પડે. જાનવર એટલે પશુ. એટલે મનુષ્યમાં રહીને વિચારો બધા પાશવતાના જ આવે. આખો દહાડો અણહક્કના જ વિચારો આવે. કોનું ભોગવી લઉં, કોનું પડાવી લઉં, ક્યાંથી ભેગું કરું, બસ એ જ વિચારો. પછી ભેળસેળ કરે, લુચ્ચાઈ કરે, ચોરીઓ કરે, કોઈને છેતરીને પૈસા કમાય એ બધા જાનવરમાં જાય. મનુષ્યમાંથી જાનવરમાં જઈને ભોગવવું પડે.

મનમાં ચોરીના, જૂઠના, કપટના, પ્રપંચના વિચારો આવે એનાથી જાનવરગતિ બંધાય. અત્યારે ભલેને જાહોજલાલી હોય પણ ભાવમાં ઊંધું-ખરાબ ચાલતું હોય તો આવતો જન્મ જાનવરમાં થાય. રોટલી ખાતાં ખાતાં રાડાં (ઘાસ) ખાવા માટે જવું પડે.

જેટવુ દેવું વધારે એટલા વધુ ભવ જાનવરમાં કરવા પડે. દા.ત. પહેલો ગાયનો અવતાર ભોગવે. એ પૂરો થઈ જાય પછી બકરીનો અવતાર આવે, પછી ગધેડાનો આવે. આમ એક પછી એક જાનવરના અવતારમાં એના કર્મો ભોગવાતા જાય. સો-બસો વર્ષ આવું ભટકી આવે એટલે બધું દેવું ચૂકવાઈ જાય. ત્યાર બાદ પાછો મનુષ્યમાં આવે. આમ વધુમાં વધુ આઠ ભવ બીજી ગતિમાં ભટકીને પાછો મનુષ્યમાં આવી જ જાય એવો નિયમ છે. જાનવરગતિ એટલે સખત કેદની સજા. આખો અવતાર ખૂબ લાચારીમાં કાઢવો પડે.

સુપર હ્યુમન હોય તો દેવ થાય. જે પોતાનું સુખ પોતે ભોગવે નહીં ને બીજાને આપી દે એ સુપર હ્યુમન કહેવાય. એ દેવગતિમાં જાય. મનુષ્યમાં રહીને ખૂબ ઊંચી જાતના કર્મો કર્યા હોય તો તે ભોગવવા દેવગતિમાં જવું પડે. ત્યાં આખી જીંદગી ખૂબ સુખો ભોગવવાના હોય. ત્યાં લાખો વર્ષોનું આયુષ્ય હોય. કાયમ યુવાની હોય. જન્મ અને મરણના દુઃખો ન હોય. સુખ જ સુખ હોય.

પણ જેમ જમવામાં રોજ શ્રીખંડ-પૂરી આપે તો ન ભાવે, ખીચડીની ઈચ્છા થાય; એમ ત્યાં રોજના સુખોથી દેવો પણ કંટાળે. પણ ત્યાં આત્મધર્મ પામી શકે નહીં. મોક્ષને લાયક કર્મો કરી શકે નહીં. માટે દેવો પણ મનુષ્ય દેહ ઝંખતા હોય છે કે ક્યારે મનુષ્ય દેહ મળે અને ત્યાંથી મોક્ષે જઈએ.

આખા બ્રહ્માંડમાં આવાં બાર દેવલોક છે.

# દેવગતિ







# નર્કગતિ

જે પોતાના ફાયદા માટે અણહક્કનું ભોગવે છે એ જાનવરમાં જાય. પણ જે કોઈ પણ કારણ વગર ફક્ત પોતાના આનંદ ખાતર બીજાનું પડાવી લે, ભોગવી લે, અનર્થ નુકસાન કરે - પોતાને કંઈ ફાયદો ન હોય અને સામાને બહુ નુકસાન કરે એ નર્કગતિમાં જાય. લોકોના ઘર બાળી મૂકે, લોકોને જીવતા બાળી મૂકે, કૂવામાં ઝેર નાંખી એમાંના જીવોને મારી નાંખે, બોમ્બ નાખીને લોકોને મારી નાંખે અને ઉપરથી ખુશ થાય કે મેં એક ઝાટકે કેવા બધાને મારી નાંખ્યા વગેરે. આવાં કર્મો નર્કગતિ વહોરે.

નર્કમાં પણ લાખો વર્ષોનું આયુષ્ય હોય. આટલા લાંબા કાળ સુધી ભયંકર દુઃખો ભોગવવાના છતાં મરણ ન થાય.


આવી સાત નર્ક છે. જેટલા વધુ ખરાબ કર્મો એટલી આગળની નર્કમાં વધુ ને વધુ દુઃખો ભોગવવા જવું પડે. ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરી ફરી મનુષ્યમાં આવે.




# મોક્ષગતિ

જો મનુષ્ય શુભ કે અશુભ કોઈ કર્મ ના કરે અને જુના કર્મો ભોગવાઈ જાય તો એ મોક્ષે જાય. મનુષ્યમાંથી જ મોક્ષે જવાય. બીજી કોઈ ગતિમાંથી મોક્ષે ના જવાય. જ્ઞાનીપુરુષ આત્માનું જ્ઞાન આપે ત્યાર બાદ કર્મો બંધાતા અટકે અને મોક્ષે જવાય. મોક્ષે ગયા પછી ફરી જન્મ ન લેવો પડે કે ફરી મરવું ન પડે. ત્યાં દુઃખનો છાંટો ન હોય. અનંત કાળ સુધી પોતાનું કાયમનું સુખ ભોગવવાનું. અને એ સુખ એવું હોય કે કાયમ ભોગવવા છતાં એમાં કંટાળો ન આવે.

અત્યાર સુધીમાં અનંત જીવો મોક્ષે ગયા છે. મનુષ્ય જન્મ મોક્ષ પ્રાપ્ત કરવા માટે જ છે.







# રાજા રાવણ

રાજા રાવણને તો તમે જાણો જ છો. પણ આજે એમના વિશેની એક સુંદર વાત તમને કરીએ જે તમે નહીં જ જાણતા હો.

એક દિવસ રાજા રાવણ પુષ્પક નામના વિમાનમાં બેસીને પોતાની પત્ની મંદોદરી સહિત અષ્ટાપદ તીર્થે ગયા. એ તીર્થ પર ભરત રાજાએ એક સુંદર જિનાલય બંધાવ્યું હતું. ત્યાં રાજા રાવણે પોતાના સમુદાય સહિત શિવભગવાનની પૂજા કરી. એમને હૃદયમાં ખૂબ ભક્તિભાવ જાગૃત થયો. એમણે વીણા મંગાવી. હાથમાં વીણા લઈ તેઓ ભાવથી ભક્તિ કરવા બેઠા.

તેવામાં નાગપતિ ધરણેન્દ્ર ત્યાં આવી ચોવીસ તીર્થંકરોને નમસ્કાર કરી રાવણ પાસે બેઠા. રાવણે એમને અષ્ટાપદ તીર્થનું મહત્વ પૂછ્યું. નાગપતિએ એમને અષ્ટાપદ તીર્થનું મહત્વ કહ્યું. તે સાંભળી રાવણના હૃદયમાં જાગૃત થયેલો ભક્તિભાવ ખૂબ વધી ગયો. તેઓ ઘણા હર્ષથી ભક્તિ કરવા લાગ્યા. તેઓ વીણા વગાડતાં વગાડતાં ભક્તિમાં તરબોળ થવા લાગ્યા. જાણે ભગવાન સાથે એક તાર થઈ ગયા હતા.

થોડી વારમાં અચાનક વીણાની એક તંત્રી (તાર) તૂટી ગઈ. વીણા વાગતી અટકી ગઈ અને એમની આંખો ખુલી ગઈ. ત્યારે 'અહો ! આ ભાવ ભક્તિનો ભંગ ન થાઓ.' એમ વિચારીને તત્કાળ રાવણે જાણે તંત્રી તૂટી જ નથી એમ પોતાના હાથમાં ચીરો મૂકી એક નસ કાઢીને વીણામાં સાંધી દીધી અને ફરી ભક્તિમાં ફરી મગ્ન થઈ ગયા. એમની તીર્થંકરો પ્રત્યેની ભક્તિ એટલી ઊંચી દશાએ પહોંચી કે એમણે 'તીર્થંકર નામકર્મ' બાંધ્યું. એ જોઈ દેવોએ પણ પુષ્પવૃષ્ટિ કરી એમની પ્રશંસા કરી. 'તીર્થંકર નામકર્મ' એટલે ભવિષ્યમાં તેઓ તીર્થંકર થાય.

જોયું મિત્રો, ભાવ બગડવાથી અધોગતિ થાય છે એમ ભાવ ઊંચા જવાથી જ ઉર્ધ્વગતિ થાય છે. રાજા રાવણ આવતી ચોવીસીમાં તીર્થંકર થવાના છે. માટે દશેરાના દિવસે એમના પૂતળા ના બળાય કે એ જોઈને ખુશ પણ ના થવાય.

# ભરવાડ


એક ભરવાડ હતો. એ અભણ પણ બહુ સરળ સ્વભાવનો હતો. રોજ ગાયો ચરાવવા જવું એ એનો નિત્યક્રમ. એક દિવસ એ જંગલમાં ગાયો ચરાવવા ગયો. ગાયોને ચરવા માટે છૂટી મૂકી પોતે એક ઝાડની નીચે આરામ કરવા બેઠો.

અચાનક એનું ધ્યાન ઝાડની બખોલમાં પડ્યું. એમાં એક પુસ્તક હતું. પુસ્તક લઈને એ ઘરે ગયો. 'આ કોઈ મહાન ગ્રંથ છે' એમ મનમાં જાણીને ઘરમાં એ પુસ્તકને ઊંચે આસને મૂકી રોજ એની પૂજા કરે, ફૂલ ચઢાવે તથા નમસ્કાર કરે.

એમ કરતાં એક દિવસ ત્યાં એક મુનિ મહાત્મા પધાર્યા. પોતાને વાંચતા આવડતું નથી પણ આ મહાત્માને આ ગ્રંથ ઉપયોગી થશે એમ જાણી તેમને ભાવપૂર્વક એ ગ્રંથ વહોરાવી દીધો (આપી દીધો).

આમ જ્ઞાનની ભાવપૂર્વક આરાધના કરવાથી ત્યાંથી દેહ છોડીને એ ભરવાડ બીજા ભવમાં જ્ઞાનીરૂપે કુંદકુંદાચાર્ય થયા.

દાદાશ્રી કુંદકુંદાચાર્ય માટે કહેતા કે તેઓ જ્ઞાનીપુરુષ કહેવાય. એમનું પણ સીમંધર સ્વામી ભગવાન સાથે અનુસંધાન હતું.



# નંદ મણિકાર


રાજગૃહ નગરીમાં નંદ નામનો એક હોશિયાર મણિકાર રહેતો હતો. તે ઝવેરાતનો ધંધો કરતો હતો. એક દિવસ ગુણશીલ ઉદ્યાનમાં પ્રભુ મહાવીર પધાર્યા. તેમનાં દર્શન કરવા તથા દેશના સાંભળવા બધા ત્યાં જઈ રહ્યા હતા. નંદ પણ ગયો. ભગવાનની દેશના સાંભળી નંદ મણિકાર વ્રતધારી શ્રાવક બન્યો. એક વાર એણે ત્રણ દિવસ પાણી વગર ઉપવાસ કરવાનું નક્કી કર્યું. ઉનાળાના દિવસો હતા. એનું ગળું સુકાવા લાગ્યું પણ નિયમને લઈને પાણી પીવાય નહીં. તેથી મનમાં વિચારે છે કે જો પાણી પીવાનું હોય તો એક ઘડો પાણી પી લઉં. ધન્ય છે તેમને કે જેઓએ જનકલ્યાણ માટે કૂવા, વાવ, તળાવ, સરોવર, તેમજ પરબો બનાવ્યાં છે. આમ ત્રણે દિવસ એ ધર્મચિંતનને બદલે કૂવા-તળાવોની યોજના ઘડતો રહ્યો.

ચોથા દિવસે તપનું પારણું કરી શ્રેણિક રાજા પાસે જઈ એણે ઈચ્છા વ્યક્ત કરી કે મારે લોકસેવાના કામ માટે એક વાવ બંધાવી છે, જે રાજગૃહીની શોભા પણ વધારશે. રાજાએ 'હા' પાડી. થોડા દિવસમાં વાવ તૈયાર થઈ ગઈ. નામ આપ્યું 'નંદાપુષ્કરિણી'. આ સાથે એણે વાવની પૂર્વ દિશામાં મોટી ચિત્રસભા બનાવી. અને ચિત્રશાળામાં બેસવા માટે બાંકડા વગેરેની સગવડો કરી. દક્ષિણમાં ભોજનશાળા બનાવી જ્યાં યાત્રી ભોજન કરતા. એક દવાખાનું પણ બનાવ્યું જ્યાં કોઈ પણ જાતના વળતર વિના દવા આપતા અને રોગનું નિદાન કરતા અને ઉત્તરમાં આરામશાળા બનાવી. દરરોજ ત્યાં ભીડ રહેવા લાગી. નંદ મણિકાર પોતાના મહેલના ઝરૂખામાંથી બેઠો બેઠો આ જોતો અને લોકોની પ્રશંસા સાંભળી ફુલણજીની માફક ફુલાતો. ''મેં કેવું સરસ કામ કર્યું.'' યશ માટેની તીવ્ર ઈચ્છા, વાવ પ્રત્યેની ઊંડી આસક્તિ (મોહ) માં નંદ રાત-દિવસ વાવડીના વિચારોમાં રચ્યો રહેતો.

થોડા વર્ષો પછી નંદ માંદો પડ્યો. રોગમાં પીડાતો હોવા છતાં કોઈ વાવ માટે વખાણ કરે તો ખુશ થઈ જતો. જીંદગીના છેલ્લા દિવસોમાં પણ એ વાવનાં દેડકાઓનાં ટર... ટર... અવાજ સાંભળીને એ 'આ જન્મમાં મેં કેવું સરસ કામ કર્યું.' તેનાં અભિમાનમાં રાચતો. વાવ પ્રત્યેની આસક્તિ અને યશની ભૂખને લઈને મર્યા પછી એનો જીવ તે જ વાવમાં દેડકારૂપે જન્મ પામ્યો.



# જીરણ શેઠ




એક વાર પ્રભુ મહાવીરનો વિશાલા નગરીમાં સ્થિરવાસ હતો (રોકાયા હતા).ચોમાસું ચાલી રહ્યું હતું. તેઓ તપ કરી રહ્યા હતા. તેઓએ શું તપ કર્યું છે તે કોઈને કહેતા નહીં. તેથી એક રહેવાસી જીરણ શેઠ, જે ભગવાનના પરમ ભક્ત હતા, રોજ ભગવાનને પોતાને ત્યાં વહોરવા (આહાર લેવા) માટે પધારવાની વિનંતિ કરી આવતા પરંતુ ભગવાન મૌન રહેતા. ભગવાનનું તપ ક્યારે પૂરું થશે એની સૌ રાહ જોઈ રહ્યા હતા. આમ કરતાં ચાર મહિના વીતી ગયા. ચોમાસું પૂર્ણ થવાનો છેલ્લો દિવસ આવી પહોંચ્યો. આજે તો પ્રભુનું તપ પૂર્ણ થશે જ એમ વિચારી તેઓ ફરી ભગવાનને પોતાને ત્યાં વહોરવા માટે પધારવાની વિનંતિ કરી આવ્યા. એમને હતું કે પ્રભુ મારી વિનંતી સ્વીકારી મારે ત્યાં વહોરવા જરૂર પધારશે. તેથી એમણે વહોરવાની બધી તૈયારીઓ કરી અને રસ્તા તરફ પ્રભુની રાહ જોતાં ભાવના ભાવવા લાગ્યા.

કહેવાય છે ને કે રાહ જોતી વખતે આપણું ચિત્ત જેની રાહ જોતા હોઈએ એમનામાં જ હોય. જીરણ શેઠ પણ રાહ જોતાં જોતાં પ્રભુ પ્રત્યેની ભાવનામાં ધીરે ધીરે વધતા ગયા.

આ બાજુ પ્રભુ વહોરવા નીકળ્યા. પ્રભુ તો વીતરાગ હોય. ઉદયકર્મ (કર્મ પ્રમાણે) જ્યાં લઈ જાય ત્યાં જાય. આમ ચાલતાં-ચાલતાં તેઓ પૂરણ શેઠના ઘરે પહોંચ્યા અને એમના ઘરે એમનું પારણું થયું. એ જ ક્ષણે આકાશમાં દેવોએ દુંદુભિ (એક વાજીંત્ર) વગાડી. દેવદુંદુભિનો નાદ સાંભળતાં જીરણ શેઠને ખ્યાલ આવી ગયો કે ભગવાનનું પારણું બીજે થઈ ગયું છે. મારે ત્યાં પ્રભુ પધાર્યા નહીં.

પોતાના ઘરે ન આવવા બદલ જીરણ શેઠનો ભાવ જરાય બગડ્યો નહીં. પ્રભુ પ્રત્યેની ઉત્કૃષ્ટ પ્રેમની ધારા ચઢતાં ચઢતાં એમણે બારમા દેવલોક સુધીનું પુણ્ય બાંધી નાખ્યું. જો દેવદુંદુભિનો નાદ ન સાંભળ્યો હોત તો ત્યાં જ એમને કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ જાત.



એક વાર પાર્શ્વનાથ પ્રભુ વિચરતા વિચરતા એક તાપસના આશ્રમ નજીક આવી પહોંચ્યા. સૂર્યાસ્તનો વખત થયો હોવાથી આશ્રમની નજીક એક ઘટાદાર વડ વૃક્ષની નીચે પ્રભુ કાયોત્સર્ગ (ઊભા રહીને તપ) માં ઊભા રહી ગયા.


મેઘમાળી નામનો એક દેવ, કે જેમને ભગવાન સાથે પૂર્વ ભવનું વેર હતું, એણે પોતાના અવધિજ્ઞાનથી પ્રભુને વડ વૃક્ષ નીચે કાયોત્સર્ગમાં ઊભેલા જોયા. એને પ્રભુ પ્રત્યે દ્વેષભાવ ઊભો થયો. પ્રભુ પાસે જઈ એણે હાથી, સિંહ વગેરે નાના-મોટા રૂપો ધારણ કરી પોતાનાથી અપાય એટલાં ભયંકર દુઃખો આપ્યા પણ પ્રભુ કોઈ રીતે ડગ્યા નહીં. કોઈ રીતે જ્યારે પોતાના પ્રયત્નમાં સફળતા ન મળી ત્યારે મેઘમાળીએ ગાજવીજ સહિત મૂશળધાર વરસાદ વરસાવવાનો શરૂ કર્યો. વરસાદ એટલા જોરથી વરસાવ્યો કે પશુ-પક્ષીઓ વગેરે ત્રાસી જઈ અકાળે મૃત્યુ પામવા લાગ્યા છતાં પ્રભુ ન ડગ્યા. છેવટે પ્રભુના કાન સુધી પાણી આવી ગયું અને આગળ વધી નાકની અણી સુધી પહોંચ્યું છતાં પ્રભુ તો અડગ જ રહ્યા.

તે વખતે ધરણેન્દ્ર દેવે ઉતાવળી ગતિએ પ્રભુ જ્યાં ધ્યાનસ્થ ઊભા હતા ત્યાં આવી, પ્રભુના ચરણમાં નમન કરી, એમના ચરણ નીચે સુવર્ણ કમળ બનાવી પ્રભુને અદ્ધર લીધા અને માથા પર સાત ફેણાનું છત્ર કરી ધર્યું.

પ્રભુ તો ધ્યાનમાં જ હતા. એમને ઉપકાર કરનાર ધરણેન્દ્ર દેવ પર રાગ ન થયો કે જબરજસ્ત દુઃખ દેનાર મેઘમાળી પર દ્વેષ ન થયો. બન્ને પ્રત્યે એમને તો સંપૂર્ણ સમભાવ જ હતો.

પ્રભુની આ વીતરાગતાના કારણે જ એ ભવમાં એમના વેરના કર્મો પૂરા થયા અને તેઓ મોક્ષે ગયા.

# પાર્શ્વનાથ પ્રભુ



# ગુણસેનકુમાર અને અગ્નિશર્મા

ગુણસેન રાજકુમાર હતો. એમના રાજ્યમાં અગ્નિશર્મા નામે એક પુરોહિત (બ્રાહ્મણ) પુત્ર રહેતો હતો. એ દેખાવે કદરૂપો હતો. એના શરીરના અવયવો બરાબર ન હતા. ગુણસેનકુમારે પોતાના મનોરંજન માટે અગ્નિશર્માને ગધેડા ઉપર બેસાડી, એના માથા ઉપર છત્રના સ્થાને સૂપડું મૂકી ગામમાં ફેરવે અને બધા મળી આનંદ માણે. આવું એ ઘણીવાર કરતો. અગ્નિશર્માના મનમાં ઘણું દુઃખ થતું પણ ગુણસેન રાજાનો પુત્ર હોવાથી તેને કોણ કહી શકે ?

અંતે રાજકુમારથી થાકી-કંટાળી અગ્નિશર્માએ તાપસના આશ્રમમાં જઈને તાપસી દીક્ષા લીધી. મોટા થતાં ગુણસેન રાજા થયો. વર્ષો પછી ગુણસેન રાજાને અગ્નિશર્માના તાપસ બન્યાના સમાચાર મળ્યા. સર્વ હકીકત જાણી તેઓ તાપસના આશ્રમમાં ગયા. તાપસને તે વખતે એક માસના ઉપવાસ ચાલી રહ્યા હતા. એમને અગ્નિશર્મા માટે આદરભાવ થયો. રાજાએ એમને પારણા કરવા પોતાના ઘરે પધારવા વિનંતિ કરી. તાપસે વિનંતી માન્ય રાખી.

પારણાનો દિવસ આવી પહોંચ્યો. તાપસ મહેલે ગયા. પણ એ દિવસે રાજા બીમાર હોવાથી તાપસ માટે પારણાની તૈયારી કરાવવાનું ભૂલી ગયા. તાપસે આશ્રમમાં આવી ફરી બીજા મહિનાના ઉપવાસ કર્યા. રાજાને પોતાની ભૂલ પર ખૂબ પસ્તાવો થયો. તેઓ ફરી તાપસને, બીજા મહિનાના ઉપવાસના પારણા કરવા પોતાને ત્યાં આવવાનું કહી આવ્યા. તાપસ બીજી વાર પારણા કરવા મહેલે ગયા. ત્યારે પણ રાજા રાજ્ય અંગેની કોઈ સમસ્યામાં પરોવાયેલા હોવાથી તાપસને આહાર-પાણી આપી ન શક્યા. રાજાએ ફરી વિનંતિ કરી. બનવાજોગ ત્રીજી વાર પણ એવું જ થયું. આમ ત્રણવાર કોઈ ને કોઈ કારણથી રાજા

Akram Express

October 2010
Year : 3, Issue : 2
Conti. Issue No.: 26

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/09-11
valid up to 31-12-2011
LPWP Licence No. CPMG/GJ/27/2009-2011
valid up to 31-12-2011
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

ગુણસેન તાપસને પારણા માટે આમંત્રણ આપવા છતાં આહાર-પાણી આપી શક્યા નહીં.

તાપસને મનમાં થયું, 'બાળપણમાં પણ એ મને હેરાન કરતો હતો. હજી એનું પેટ ભરાયું નથી કે હવે અહીં તાપસ થયો છતાં પણ મને આવી રીતે હેરાન કરે છે.' આમ ક્રોધના આવેશમાં આવી એમણે જબરજસ્ત વેર બાંધ્યું કે, હું આને મારીને જ જંપીશ.

વેરની જબરજસ્ત તીવ્રતાના કારણે બે વચ્ચે નવ ભવ સુધી વેર ચાલે છે. પછીના ભવોમાં પુરોહિતપુત્ર અગ્નિશર્મા અને ગુણસેન રાજાનો જીવ પિતા-પુત્રરૂપે, માતા અને પુત્રરૂપે, પતિ-પત્નીરૂપે અને ભાઈ-ભાઈરૂપે થઈને જન્મે છે. દરેક ભવમાં અગ્નિશર્માનો જીવ ગુણસેન રાજાના જીવને મારીને બદલો લે છે. અંતે ગુણસેન રાજાનો જીવ નવમા ભવે સમરાદિત્ય કેવળી બની મોક્ષે જાય છે.

જોયું મિત્રો, ગુણસેન રાજા પસ્તાવાના કારણે દેવગતિમાં જાય છે, જ્યારે અગ્નિશર્માને વેરભાવના કારણે નર્કમાં જવું પડે છે.

# આયો આયો રે... આનંદ લાયો રે... દાદાનો જન્મ દિવસ

વ્હાલા બાળમિત્રો,

રાજકોટમાં તા. ૧૪ થી ૨૧ નવેમ્બર, ૨૦૧૦ દરમ્યાન પરમ પૂજ્ય દાદાશ્રીનો ૧૦૩મો જન્મોઉત્સવ ઉજવાઈ રહ્યો છે. એમાં આપ સૌ માટે ખાસ ખાસ 'ચીલ્ડ્રન પાર્ક' નું આયોજન કરેલ છે. આ વખતના 'ચીલ્ડ્રન પાર્ક'ની ખાસિયત એ છે કે એમાં નાના ભૂલકાઓથી માંડીને યુવાનો માટેનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું છે.

તો તમે બધા તમારા મમ્મી-પપ્પા સાથે આ પ્રદર્શન જોવા ખાસ આવજો. જો જો, તમારા મિત્રોને લાવવાનું ભૂલતા નહીં હોં.

સ્થળ : રેસકોર્સ ગ્રાઉન્ડ, રાજકોટ

સમય : સાંજે ૫ થી ૧૦ વાગ્યા સુધી.

## અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સૂચના

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર ગ્રાહક નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર ગ્રાહક નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #.**

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) સંપાદકીય પેજ પર આપેલ છે.

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College,Usmanpura, Ahmedabad-14.